મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૦ ટકા
ગાંધીનગર તાપમાન

આજે લાભપાંચમથી બજારો ધમધમતા થશે

દિવાળીની સીઝન બાદ વતન ગયેલા કારીગર પરત ફરશે : નવા વર્ષના વેપાર-ધંધાનો શુભ મુહૂર્તમાં પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા.૨૪

દિવાળી પર્વ તેના અંતિમ ચરણમાં આવી પહોંચ્યુ છે અને આવતી કાલે તા. ૨૫મી ઓકટોબર બુધવારે લાભપાંચમના શુભ દિવસથી શહેરમાં ફરી એકવાર વેપાર-ધંધા ધમધમી ઉઠશે. દિવાળીના તહેવારની રજાઓ બાદ લાભ પાંચમથી નવા વર્ષે વેપાર ધંધાનો મંગલમય પ્રારંભ કરવાનો શિરસ્તો હોઈ બહારગામ ફરવા કે વતનમાં તહેવાર ઉજવવા ગયેલા પરિવારો આજે પરત ફરી રહ્યા છે.

ગાંધીનગરમાં દિવાળીના તહેવારોમાં મોટા ભાગના વેપાર-ધંધાઓમાં છેલ્લા દિવસ સુધી વહેલી સવારથી મોડી રાત્રિ સુધી વેપારીઓએ કામ કર્યુ હતું. જેમાં દુકાન-શૉ રૂમ કે ગોડાઉન વગેરેની સાફ સફાઈથી માંડીને સજાવટ, નવા સ્ટોકના આગમન સાથે દિવાળીની સીઝનની ઘરાકી અંકે કરી મહત્તમ વેપાર કરવાના પ્રયાસો તથા સેલ કે સ્કીમ થકી વધુમાં વધુ વેચાણ કરી લેવા વગેરેનો સમાવેશ થાય છે. વળી, દિવાળીની સીઝનમાં કારીગરો તથા અન્ય સ્ટાફને પણ સતત રજા વગર મોડે સુધી કામ કરવું પડતું હોય છે. આ બધા કારણો ઉપરાંત દિવાળી પછી નૂતન વર્ષે વતનમાં જવા કે સ્નેહીજનોને મળી શુભેચ્છાઓ પાઠવવા ઉપરાંત બહારગામ ફરવા જવા વગેરે આયોજનો પણ હાથ ધરવાના હોઈ મોટા ભાગના વેપાર-ધંધાના બેસતા વર્ષના દિવસે મુહુર્ત કરી પાંચમ સુધી રજા રાખવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ઘરે નવા વર્ષની શુભેચ્છા પાઠવવા આવતા મહેમાનોનો પણ ધસારો રહેતો હોવાથી આ શિરસ્તો ચલણમાં છે. લાભ પાંચમનો દિવસ અત્યંત શુભ ગણાતો હોવાથી આ દિવસથી વેપાર-ધંધા નવા વર્ષે પુનઃ પ્રારંભ કરવા માટે શ્રેષ્ઠ ગણાય છે આ કારણે શહેરના વેપારીઓ આ દિવસથી ફરી તેમના વેપાર-ધંધા ચાલુ કરે છે.

બેસતા વર્ષના દિવસથી લાભપાંચમ સુધીના દિવસોમાં કારીગરો પણ પોતાના વતન જઈને પરિવાર સાથે તહેવાર ઉજવી પરત ફરી શકે છે. વળી, દિવાળીની સીઝનનો થાક પણ ઉતારી નવા જોમ સાથે નવા વર્ષના વેપાર-ધંધાની જુસ્સાભેર શરૂઆત કરવામાં સરળતા રહે તે માટે લાભપાંચમ શ્રેષ્ઠ દિવસ ગણાય છે. આ દિવસે વેપારીઓ મૂહૂર્ત જોઈ પૂજા અર્ચના સાથે ગ્રાહકોનું મ્હોં મીઠું કરાવી પુનઃ વેપારનો રાબેતા મુજબ પ્રારંભ કરશે અને તે સાથે શહેરમાં ફરી એકવાર સુમસામ બજારો જીવંત થતા જોવા મળશે.

નંબર પ્લેટ વગરની આઈ-૨૦માંથી દારૂનો જથ્થો ઝડપાયો

સે-૨૭/૨૮ના વળાંક પાસેથી પકડાયેલી ગાડીમાંથી વિદેશી દારૂની ૩૨૪ બોટલો મળી : કલોલના શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૭/૨૮ વળાંક પાસેથી ચોકકસ બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે આજે વિદેશી દારૂનો જથ્થો ભરેલી નંબર પ્લેટ વગર ફરતી આઈ-૨૦ કાર ઝડપી પાડી હતી. વિદેશી દારૂની ૩૨૪ નંગ બોટલ તથા કાર મળી પોલિસે રૂ. ૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કલોલના મહેન્દ્ર મીલ રોડ પર રહેતા શખ્સની ધરપકડ કરી ઉંડી પુછતાછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હે.કો. નરેન્દ્રસિંહને ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૭/૨૮ ટ પાસેથી આઈ-૨૦ કાર (નંબર પ્લેટ વગરની) નીકળવાની છે જેમાં દારૂનો જથ્થો ભરેલો છે. આ બાતમીને આધારે ટીમ સે-૨૭/૨૮ વળાંક પાસે વૉચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાતમી વાળી કાર ત્યાંથી પસાર થતા ઉભી રખાવીને તપાસ કરતા અંદરથી રૂ. ૯૭૨૦૦ની કિંમતની ૩૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૫,૦૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીની ટીમે કલોલના ઈન્દિરાનગર સોસાયટીમાં મકાન નં.૪માં રહેતા કમલ ગીરધર નાવાણી (સિંધી)ની ધરપકડ કરી લીધી છે. કારમાંથી બે નંબર પ્લેટ પણ મળી આવી હતી. એલસીબીએ તેની ઉંડી પુછપરછ શરુ કરી સહ આરોપીઓને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

રણાસણ રીંગ રોડ પરથી દારૂ-બિયર ભરેલી સ્વીફટ પકડાઈ

ડભોડા પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે બાતમીને આધારે રણાસણ રીંગરોડ પર ગગન હોટલ સામેથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વિફટ કાર પકડી પાડી હતી. ગઈ મોડી સાંજે પકડાયેલી જીજે ૧ આર.સી. ૧૩૮૧ નંબરની આ સ્વિફટ ગાડીમાંથી ૪૪૪ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૨૬૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. ડભોડા પોલીસે કાર અને દારૂ-બિયર મળીને કુલ રૂ. ૪,૧૮,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કલોલના જુન ઓડા વિસ્તારના ધનજી વાસમાં રહેતા આનંદ ધનજી વ્યાસ નામના શખ્સની ધરપકડ કરી લઈ ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

મોજશોખ પુરા કરવા શહેરના કિશોરો વાહનચોરીના રવાડે ...!

એલ.સી.બી.એ બે અલગ અલગ વાહનચોરીના ગુનાઓમાં પકડેલા ચારેય કિશોરો શહેરના નોકરીયાત વર્ગના પરિવારમાં ઉછર્યા છે : ચોરીના વાહન રીકવર

ગાંધીનગર, તા.૨૪

દેખા-દેખીમાં મોજશોખ પુરા કરવા હવે શહેરના કેટલાક સગીર વયના કિશોરો વાહનચોરીના રવાડે ચઢયા હોવાનું ધ્યાને આવ્યું છે. આજે ગાંધીનગર એલસીબીની ટીમે બે અલગ અલગ વાહન ચોરીના ગુનામાં ચારને પકડયા છે અને તે ચારેય ૧૫-૧૬ વર્ષના કિશોરો હોવાનું ખુલતા પોલીસ પણ ચોંકી ગઈ છે. નોંધનીય બાબત તો એ છે કે આ ચારેય કિશોરો નોકરીયાત મધ્યમ વર્ગના પરિવારમાં ઉછરેલા છે અને ચાર પૈકી બે તો સરકારી કર્મચારીના દિકરા છે. એલસીબીએ કાયદાના સંઘર્ષમાં આવેલા ચારેય કિશોરને પકડી વાહનો રિકવર કર્યા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની એક ટીમ નવરાત્રિ દરમિયાન વિવિધ ગરબા ગ્રાઉન્ડના પાર્કિંગમાંથી ચોરી થયેલા વાહનોને શોધવા તથા વાહનચોરોને પકડવા સક્રિય હતી. દરમિયાન રાત્રે બે અલગ અલગ વાહનચોરીના ગુનાનો ભેદ આ ટીમે ઉકેલી નાંખ્યો છે. જીજે ૦૨ જીએફ ૮૦૫૫ નંબરનું બાઈક શહેરના ખ-૨ સર્કલ પાસેથી લઈને જતા બે કિશોરોને યજવેન્દ્રસિંહે પકડી પાડી તપાસ કરતા નવરાત્રીમાં સે-૪ ઓમકારેશ્વર મંદિર પાસેથી તે બંનેએ આ બાઈક ચોર્યું હોવાની કબુલાત કરી છે. બાઈકની આગળ પાછળની સાઈડ લાઈટ ઉપર કાળા કલરનો સ્પ્રે મારીને તેઓ ફેરવતા હતા તો બીજી તરફ સે-૫ના સરકારી દવાખાના પાસેથી જીજે ૧૮ જે ૪૩૨૪ નંબરના સુક્ટી પેપ સાથે બે કિશોરોને પકડી પુછપરછ કરતા આ બંનેએ નવરાત્રી દરમિયાન સે-૪-ડીમાંથી સ્કુટી ચોરી કર્યુ હતું અને સે-૫ સરકારી દવાખાના પાસેની ઝાડીઓમાં મુકી દીધું હતું. તેવી કબુલાત બંનેએ કરી હતી. એલસીબીએ ચાર કિશોરોને પકડીને બે ચોરીના વાહન રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઈનામ વિતરણ સમારોહ

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત 'સ્વચ્છ સંકલ્પ સે સ્વચ્છ સિધ્ધિ' વિષય પર નિબંધ સ્પર્ધા અને લઘુ ફિલ્મ સ્પર્ધા યોજાઈ હતી.

નિબંધ સ્પર્ધામાં મોહનીશ જે. વસાવડા, કિરીટ ભુપતભાઈ ત્રિવેદી અને નવનીતભાઈ કે. કડીયા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયા હતા. જયારે લઘુ ફિલ્મ સ્પર્ધામાં મયંક શ્રીમાળી, હાર્દિક શ્રીમાળી અને ચંદ્રરાજ સોલંકી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. આ બન્ને સ્પર્ધામાં વિજેતાઓને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરના નિયામક શ્રી જી.પી. બ્રહ્મભટ્ટના હસ્તે રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઈનામ વિતરણ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.જે. પટેલ, હિસાબી અધિકારી શ્રી દેવાંગ એસ. પટેલ, પ્રોજેકટ ડાયરેકટર (વોટરશેડ) શ્રી આર.એમ. દેસાઈ, જિલ્લા કો. ઓર્ડિનેટર (એસ.બી.એમ(ગ્રા)) શ્રી એમ.એ. ચાવડા, આઈઈસી કન્સલટન્ટ શ્રી (એસબીએમ(ગ્રા)) શ્રી જીતેન એ. પારેખ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

જન્મદિને વધામણી

વિપિન એ ઓઝા
પ્રમુખ, શ્રીમાળી બ્રાહ્મણ સમાજ અને સદસ્ય, સદવાંચન પરિવાર

આર સી રાવલ
કારોબારી સભ્ય, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૯૪૨૭૫ ૫૪૨૪૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

આજે કલાકાર-કસબીઓનો સ્હેનમિલન સમારોહ યોજાશે

લાભ પાંચમના મુહુર્ત નિમિતે સુરમધુર દ્વારા સમારોહનું આયોજન

સુરમધુર સંસ્થા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી કલાકાર-કસબીઓ અને કલારસિકોનું સ્હેનમિલન સમારોહનું આયોજન કરવામાં આવે છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૫ ઓકટોબરને બુધવારને લાભપાંચમના રોજ સાંજે ૭ થી ૯.૩૦ કલાક દરમિયાન સ્નેહ રજની પ્લોટ નં- ૧૮૭/૨, સે-૪ એ ખાતે યોજાશે.

સુરમધુર સંસ્થાના ટ્રસ્ટી મયંક દવે દ્વારા છેલ્લા બે દાયકાથી વધુના સમયથી કલાકાર-કસબીઓનો સ્નેહમિલન સમારોહ લાભ પાંચમના દિવસે યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા તેમજ નવોદીત કલાકારો મા-સરસ્વતી સમક્ષ પોતાની કલા પ્રસ્તુતી કરીને નવા વર્ષના શ્રી ગણેશ કરતા હોય છે. જયારે કલાકારો નવા વર્ષે એક સમયે એક સ્થળે ભેગા મળીને શુભેચ્છાની આપ લે કરી શકે તેવા ઉમદા હેતુથી આ સ્નેહમિલન સમારોહ યોજાય છે. ઉપરાંત સુરમધુર ને ભારત સરકારના આઈસીસીઆઈ દ્વારા મળેલ માન્યતાની ઉજવણીના ભાગરૂપે કલાકારોના સન્માનનો પણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સ્નેહમિલન સમારોહમાં કલાના તમામ ક્ષેત્રના કલાકાર-કસબીઓ અને કલા રસિકોને પધારવા હાર્દિક અનુરોધ સંસ્થાના પ્રમુખે કર્યો છે.

દિવાળીની રજાઓમાં એસ.ટી. ડેપોને રૂ. ૯ લાખની આવક

ગાંધીનગર, તા.૨૪

દિપાવલીના તહેવારને અનુલક્ષી ગાંધીનગર એસ.ટી. ડેપો તંત્ર દ્વારા રાજયના વિવિધ સ્થળો માટે ખાસ વધારાની બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાં પંચમહાલ, ગોધરા, દાહોદ, ઝાલોદ, શહેરા સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રમજીવીઓ કામ કરે છે. આ શ્રમજીવીઓ માટે દિવાળીના દિવસોમાં વધારાની બસો દોડાવતા એસ.ટી. તંત્રની આવકમાં વધારો નોંધાયો છે. ગાંધીનગર એસ.ટી. તંત્રને ફકત ચાર દિવસમાં નવ લાખથી વધુની આવક થવા પામી છે.

દિવાળી અને નૂતનવર્ષના તહેવારને અનુલક્ષી મુસાફરોને બસની સુવિધા સરળતાથી મળી રહે તે માટે એસ.ટી.તંત્ર દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે મુસાફરોની માંગને ધ્યાને રાખી વિવિધ રુટ પર વધારાની બસો દોડાવવામાં આવી હતી. શહેરમાં મજુરી કામ અર્થે ગોધરા, દાહોદ, શહેરા, ઝાલોદ, પંચમહાલ સહિતના વિસ્તારમાંથી આવતા શ્રમજીવીઓને બસની સુવિધા મળી રહે તે માટે ખાસ બસો દોડાવવામાં આવી હતી. દિવાળીના દિવસોમાં મુસાફરોને ટ્રાફિક વધુ રહેતા તંત્ર દ્વારા એકસ્ટ્રા રુટ ગોઠવામાં આવ્યા હતા. દિવાળીની રજાઓના દિવસોમાં ગાંધીનગર એસ.ટી. તંત્રને રૂ. ૯ લાખની આવક થવા પામી છે. તો બીજી તરફ મુસાપરોની માંગને ધ્યાને રાખી ધાર્મિક તેમજ પ્રવાસન સ્થળોએ પણ એકસ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. એસ.ટી. તંત્ર દ્વારા સુચારુ આયોજન દિવાળીના દિવસોમાં કરવામાં આવતા આવકમાં પણ વધારો થયો છે પરંતુ આ વર્ષની આવક ગત વર્ષની આવક કરતા ઓછી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

જન્મ આપીને મરી ગયેલી ગાયના વાછરડાંને બચાવાયુ

સે-૨૨માં ઘ ટાઈપ આવાસ નજીક વાછરડાંને જન્મ આપી ગાય મોતને ભેટી : તાજા જન્મેલા વાછરડાંનુ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બચાવ કાર્ય

ગાંધીનગર, તા.૨૪

જેને રામ રાખે તેને કોણ ચાખે? આ ઉકિત જીવનમાં ડગલે ને પગલે સાચી સાબિત થતી જોવા મળે છે. ગાંધીનગરમાં ગઈ કાલે સાંજના સુમારે સેકટર-૨૨માં એક વાછરડાંને જન્મ આપીને મોતને ભેટેલી ગાયના બચ્ચાંને શહેરના ચીફ ફાયર ઓફિસર તથા સ્ટાફના સંનિષ્ઠ પ્રયાસોના કારણે નવજીવન પ્રાપ્ત થયું હતું.

ગાંધીનગરના સેકટર-૨૨માં ઘ ટાઈપ સરકારી આવાસો પાસે સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે એક ગાયે ખુલ્લી જગ્યામાં વાછરડાને જન્મ આપ્યો હતો.



વાછરડાને જન્મ આપતા ગાયની તબિયત લથડી હતી જેના કારણે તેનું મોત થવા પામ્યું હતું અને તાજુ જન્મેલુ વાછરડું જન્મતાની સાથે જ નિરાધાર થવા પામ્યું હતું. આ ઘટનાને કારણે આસપાસના કેટલાક જાગૃત રહીશોએ શહેરના કેટલાક જીવદયા પ્રેમીઓનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો પરંતુ કોઈ મદદ મળવા પામી નહોતી. આ ઘટનાની જાણ શહેરના ચીફ ફાયર ઓફિસર મહેશભાઈ મોઢને થતા તેઓ તુરંત તેમના સાથી કર્મચારી સાથે ઘટના સ્થળે ધસી ગયા હતા અને તેમણે આ વાછરડાંને બચાવવા ફાયર બ્રિગેડની ગાડી મંગાવી ફાયર સ્ટેશને લઈને આવ્યા હતા જેથી રાત્રે રખડતા કૂતરાથી આ વાછરડાંને સુરક્ષિત રાખી શકાય.

વાછરડાંને ફાયર સ્ટેશને લાવ્યા બાદ તેમણે પણ જીવદયા પ્રેમીઓનો સંપર્ક સાધવા કોશીષ કરી હતી પરંતુ સફળતા ના મળતા તેમણે અને તેમના કર્મચારીઓએ વાછરડાંની દેખભાળનો પ્રારંભ કર્યો હતો. આ વાછરડાંને દૂધ પીવડાવવા તાત્કાલિક બજારમાંથી બાળકોને પીવડાવવાની દૂધની મોટી બોટલ ખરીદવામાં આવી અને તેને દૂધ પીવડાવી તેની સારસંભાળ રાખવામાં આવી હતી. આજે એ વાછરડું સ્વસ્થ થઈ ચીફ ફાયર ઓફિસરના રહેઠાણના કંપાઉન્ડમાં સુરક્ષિત આશ્રય મેળવી રહ્યું છે. આ દરમિયાન મહેશ મોઢે ગાયના માલિકની તપાસ પણ હાથ ધરી છે જો કે હજુ તેમાં સફળતા મળી નથી. પરંતુ તેમના આ સંવેદનાત્મક પ્રયાસને કારણે એક અબોલ પ્રાણીનો જીવ બચ્યો છે જેને માટે તેઓ અભિનંદનના અધિકારી છે.

વાતવાતમાં

● શહેરના જાણીતા મિઠાઈ ઉત્પાદક વેપારી દ્વારા દિવાળીની ઘરાકી બાદ વધેલા મિઠાઈનું સ્ટોક બગડી જાય તે પહેલા ગરીબોમાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્ય માટે શહેરની યુવાનોની સેવાભાવી સંસ્થાની મદદ લેવામાં આવી હતી.

● કર્મચારી નગરી ગાંધીનગરમાં સોશિયલ મિડિયા પર આગામી વર્ષની સરકારી રજાઓનું કેલેન્ડર ફરતું થયું છે. આ કેલેન્ડર મુજબ ઉત્તરાયણ, ચેટી ચાંદ, રામનવમી અને રક્ષાબંધનની ચાર મહત્વની રજાઓ રવિવારે તથા ડૉ. આંબેડકર જયંતિની રજા બીજા શનિવારે આવે છે.

સે-૩ વસાહત મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ વસાહત મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા.૨૭ ઓકટરોબરના રોજ રાખવામાં આવેલ હતો. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે આ સ્નેહમિલન કાર્યક્રમ રદ કરવો પડ્યો છે. તેમ સે-૩ વસાહત મંડળના પ્રમુખે જણાવ્યું છે.

ગાંધીનગરથી વીરપુરની ૨૧મી પદયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૧મી પદયાત્રાનું આયોજન આગામી તા. ૨૯ ઓકટોબરથી તા.૭ નવેમ્બર સુધી કરવામાં આવેલ છે. આ યાત્રામાં જોડાવા ઈચ્છુક પદયાત્રી ભાઈ બહેનોએ પ્રવેશ ફોર્મ તેમજ અન્ય વધુ વિગતોની જાણકારી માટે જલારામ ધામ સેકટર-૨૯ મેનેજર તેમજ કારોબારી સભ્યોનો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે ૨૭મી એ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૨૭મી ઓકટોબર, ૨૦૧૭ના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો ટેક મહિન્દ્રા, ચોથો માળ, ટાવર-૪, ઈન્ફોસિટી, ગાંધીનગર અને ફર્સ્ટસોર્સ સોલ્યુસન લી., ૧૯મો માળ, ક્યુસી-૧ બિલ્ડીંગ, ગીફટ સી.એલ, ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતે યોજાશે. બન્ને ભરતી મેળા સવારના ૧૦.૩૦ કલાકે શરૂ થશે.

ગાંધીનગર જિલ્લાના ધોરણ-૧૨ પાસ તથા ગ્રેજયુએટ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા યુવક-યુવતીઓને બહોળા પ્રમાણમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. ઉમેદવારોએ ભરતી મેળાના સ્થળ પર ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલો સાથે જ આવવાનું રહેશે. નોટિફાઈડ થયેલ જગ્યાઓ કસ્ટમર કેર એકઝીક્યુટીવની પોસ્ટ માટે છે. હિન્દી ભાષા પર પ્રભુત્વ ધરાવતા ઉમેદવારોએ ખાસ ફર્સ્ટસોર્સ સોલ્યુસન લી. કંપનીમાં સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. ચિનુભાઈ દીનુભાઈ શ્રીમાળી, ઉ.વ. ૮૨
- સ્વ. વિરાબા તખુજી વાઘેલા, ઉ.વ. ૮૨